**કામિની એસ. દોષી**
**કાર્યપાલક ઈજનેર**

**સુરત મહાનગરપાલિકા**
**નોર્થ ઝોન (કતારગામ)**

નોર્થઝોન/આઉટવર્ડ/નં.૮૮૬૩
તારીખ :–૧૦/૧૨/૨૦૨૪

**–: સંમતિ પત્ર:–**

**પ્રતિ,**

**ઈજારદારશ્રી,**

**વિષય :–** નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં વિવિધ તહેવારો તથા પ્રસંગોની ઉજવણી માટે વિવિધ લોકેશનો પર વાર્ષિક રેઈટ ધોરણે યુનિટ રેઈટથી મંડપ સર્વિસ પુરી પાડવાનું કામ.

**સંદર્ભ :–** (૧) સ્થા.સ.ઠ.નં.૩૦૮/૨૦૨૪, તા.૧૫/૦૨/૨૦૨૪થી મંજુર થયેલ યુનીટ રેઈટનાં ભાવે અને શરતે.

**મહાશય,**

નોર્થ (કતારગામ) ઝોન વિસ્તારમાં વિવિધ જગ્યાએ જુદા જુદા તહેવારો તથા વિવિધ પ્રસંગોએ યુનિટ રેઈટ ધોરણે મંડપ સર્વિસ પુરી પાડવાનું કામ સંદર્ભ (૧) મુજબ સ્થા.સ.ઠ.નં.૩૦૮/૨૦૨૪, તા.૧૫/૦૨/૨૦૨૪ થી મંજુર થયેલ યુનીટ રેઈટનાં ભાવે અને શરતોને આધિન અંદાજીત રકમ રૂા.૫૦,૫૦,૭૭૫.૦૦ પૈ. થી ૧૨ % નીચું એટલે કે રૂા.૪૪,૪૪,૬૮૨.૦૦ પૈ. (**GST** સહિત) ની મર્યાદામાં કામગીરી કરાવવા સંદર્ભ (૨) હેઠળથી મંજુરી મળેલ. આ કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખીત સંમતિ બંધ કવરમાં **તા.૧૮/૧૨/૨૦૨૪** સુધીમાં નીચે સહી કરનારની કચેરીમાં પહોંચાડવા પ્રબંધ કરશો. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈ બંધ કવરો સ્વીકારવામાં આવશે નહી.

**–: શરતો :–**

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા.૫૧,૦૦૦ /– ની આપવાની રહેશે.
૨. ઈજારદારે અંદાજીત રકમ ના ૨૦% એટલે કે રૂા.૧૦,૧૧,૦૦૦.૦૦ પૈ. કે તેથી વધુ રકમની વર્તમાન (ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફીકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૩. ઈજારદારે પૂર્ણ કરેલ કામના/ અનુભવના સર્ટીફિકેટ (Form 3A/Work Completion Certificate) ની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
ઈજારદારે છેલ્લા ૦૭ (સાત) વર્ષના સરખા પ્રકારના પૂર્ણ કરેલ કામ

- અંદાજીત રકમના ૪૦% એટલે કે રૂા.૨૦,૨૦,૩૧૦/– કે તેથી વધુ રકમ ના ૦૩(ત્રણ) સરખા પ્રકારના પૂર્ણ કરેલ કામ.

અથવા

- અંદાજીત રકમના ૫૦% એટલે કે રૂા.૨૫,૨૫,૩૮૮/– કે તેથી વધુ રકમ ના ૦૨(બે) સરખા પ્રકારના પૂર્ણ કરેલ કામ.

અથવા

- અંદાજીત રકમના ૮૦% એટલે કે રૂા.૪૦,૪૦,૬૨૦/– કે તેથી વધુ રકમ ના ૦૧(એક) સરખા પ્રકારના પૂર્ણ કરેલ કામ.

૪. ઈજારદારે છેલ્લા ૦૩(ત્રણ) વર્ષના આઈ.ટી. રીટર્ન સંમતિપત્રક સાથે આપવાના રહેશે.

૫. ઈજારદારે **GST** રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૬. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.

૭. ઈજારદારે શીડયુલ–બી માં જણાવેલ ભાવ અને ટેકનીકલ બીડની શરતોને બંધનકર્તા રહેશે.

૮. કોઈપણ તથા બધાજ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.

૯. તમામ પ્રકારના વેરા / સરકારી ટેક્ષ ઈજારદારે ભોગવવાનાં રહેશે.

૧૦. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

૧૧. સદર કામગીરી બાબતે અત્રેના હાઉસીંગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

૧૨. સદર કામગીરી ઉકત મંજુર થયેલ ટેન્ડરના Detailed Technical Specification મુજબ કરવાની રહેશે.

**--S.D/-**
**કાર્યપાલક ઈજનેર**
**નોર્થ(કતારગામ)ઝોન**
**સુરત મહાનગરપલિકા**

ગજેરા સ્કુલની પાછળ, રામજીકૃપા રો–હાઉસની બાજુમાં,સુરત. ટેલીફોન નં.૨૪૮૦૫૬૪
E-mail - exen.nz@suratmunicipal.org
Mo.No. 97241 97897